**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૪ ટકા

### ઈન્ફોસીટી પોલીસ અને આરઆરસેલનું સંયુકત ઓપરેશન

# ઈન્ફોસીટીમાંથી બૉગસ ઈન્ટરનેશનલ કૉલ સેન્ટર પકડાયું

**ઈન્ફોસીટી ટાવર-૨માં ત્રીજે માળ ભાડે ઓફીસ રાખીને ત્યાંથી બેઠા બેઠા અમેરીકન સીટીઝન સાથે છેતરપીંડી થતી હતી : બેંક ઓફીસર કે ઈન્કમટેક્ષ ઓફીસરના નામે ફોન કરી ચીટીંગ કરતા હતા : કોમ્પ્યુટર, લેપટોપ, સર્વર અને મોબાઈલો મળી રૂ. ૮.૬૯ લાખના મુદ્દામાલ સાથે ૧૯ ભેજાબાજોની ધરપકડ : ગુનામાં નિવૃત્ત પી.આઈ.નો પુત્ર મુખ્ય સુત્રધાર**





ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર. સેલ અને ઈન્ફોસીટી પોલીસે બાતમીને આધારે મધરાત્રે ઈન્ફોસીટી ટાવર-૨માં દરોડો પાડી બૉગસ ઈન્ટરનેશનલ કૉલ સેન્ટર પકડી પાડી સંયુકત ઓપરેશન પાર પાડયું હતું. ત્રીજે માળે ઓફીસ ભાડે કરીને ત્યાં કૉલ સેન્ટર બનાવી અમેરીકન સીટીઝનના ડેટા મેળવી બેંક ઓફીસર તથા ઈન્કમટેક્ષ ઓફીસરના નામે ફોન કરી સેટલમેન્ટના બહાને ડૉલરમાં છેતરપીંડી આચરવાના ગુનામાં મુખ્ય સુત્રધાર નિવૃત્ત પીઆઈનો પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ કૉલ સેન્ટરમાં દરોડો પાડી પોલીસે છેતરપીંડી માટે વપરાતા સાધનો તથા મોબાઈલો-કોમ્પ્યુટરો મળીને કુલ રૂ. ૮.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ૧૯ ભેજાબાજોની ધરપકડ કરી ઈન્ટ્રોગેશન શરુ કર્યું છે.

રાજયમાં બૉગસ ઈન્ટરનેશનલ કૉલ સેન્ટર શરુ કરી નિર્દોષ નાગરિકો સાથે ચીટીંગ કરાતી હોવાની ફરિયાદો થતા રાજય પોલીસે આવા ઘણા બોગસ કૉલ સેન્ટરો પકડયા છે. ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટે તેમની રેન્જમાં આવા કૉલ સેન્ટર ચાલતા હોય તો તે અંગે તપાસ કરવા પીએસઆઈ કે.ડી. બારોટને સુચના આપી હતી. ગઈ મોડી રાત્રે તેમને બાતમી મળી હતી કે અમદાવાદ વસ્ત્રાલ ખાતે રહેતો નિવૃત્ત પી.આઈ.નો પુત્ર રાજેન્દ્રસિંહ પૃથ્વીસિંહ ચૌહાણ ભાડુતી માણસો રાખીને ગાંધીનગર ઈન્ફોસીટી ટાવર-૨ ખાતે ત્રીજા માળે ૩૦૩ નંબરની ઓફીસમાં ઓટોમેટીવ ફાયનાન્સના નામથી આવું ઈન્ટનેશનલ કૉલ સેન્ટર ચલાવે છે. આરઆરસેલની ટીમ થતા ઈન્ફોસીટી પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીની ટીમે રાત્રે બાતમીવાળા સ્થળે સંયુકત દરોડો પાડી બૉગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. પાંચ લેપટોપ, ૩૨ કોમ્પ્યુટર સીસ્ટમ, ત્રણ મેજીક જેક, બે સર્વર, ૧૭ મોબાઈલ, હેડ ફોન અને માઉસ મળી કુલ રૂ. ૮,૬૯,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ૧૯ આરોપીઓની ધરપકડ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ આ ગેંગનો માસ્ટર માઈન્ડ કોઈ સુત્રધાર પાસેથી અમેરીકન સીટીઝનની સંપૂર્ણ માહિતીને ડેટા ડૉલરમાં ખરીદે છે અને તે ડેટા સ્ક્રુટીની કરી તે અમેરીકન સીટીઝનને મેજીક જેક તથા આઈ.બીમ. સોફટવેર મારફતે ફોન કરી છેતરપીંડીનો શિકાર બનાવતા હતા. જે બેંક ખાતામાં રૂપિયા નાંખવાનું કહેતા તે ખાતુ રૂપિયા જમા થાય એટલે કલોઝ કરી દેવાતું હતું. પોલીસો (૧) રાજેન્દ્રસિંહ પૃથ્વીસિંહ ચૌહાણ રહે. વસ્ત્રાલ-અમદાવાદ (૨) અમીનઅલી ઈકબાલભાઈ બોધલા રહે. બાવળા જી. અમદાવાદ (૩) જીજ્ઞેશ પ્રમોદસિંઘ રાજપૂત રહે. છત્રાલ, તા. કલોલ (૪) નિરવ અરવિંદભાઈ દેઢીયા રહે. કલોલ (૫) નવીન દિનેશકુમાર શર્મા રહે. કલોલ (૬) પરવેઝ હમીદખાન બલોચ રહે. કલોલ (૭) મોહસીન નવાઝભાઈ મલેક રહે. કલોલ (૮) પરવેઝ અમાનુલ્લાખાન શેખ રહે. કલોલ (૯) માર્ટીન રમેશભાઈ ક્રિશ્ચિયન રહે. અમદાવાદ (૧૦) ચંદન પરમહંસ ત્રિપાઠી રહે. કલોલ (૧૧) આશુતોષ અજયભાઈ નાયકર રહે. સીટીએમ-અમદાવાદ (૧૨) રોહન મનહરરાવ ચવાણ રહે. ઘોડાસર-અમદાવાદ (૧૩) હરનામ કિશોરસિંહ રાજપૂત રહે. કલોલ (૧૪) અભિષેક સુબા, હુલે રહે. કલોલ (૧૫) હર્ષદ સંપતભાઈ નાટર રહે. બાપુનગર અમદાવાદ (૧૬) હિરેન ભરતભાઈ પંચોલી રહે. વસ્ત્રાલ-અમદાવાદ (૧૭) નિહાર મનોજભાઈ શેઠ રહે. અમદાવાદ (૧૮) કપીલ સુનીલકુમાર અગ્રવાલ રહે. અમદાવાદ (૧૯) હાર્દિક ગોવિંદ અમરનાની રહે. સરખેજ હાઈવે રોડ-અમદાવાદ મળીને ૧૯ શખ્સોની ધરપકડ કરી કેટલા અમેરીકનોને છેતર્યા છે તે વિગત મેળવવા તજવીજ શરુ કરી છે. જાણવા મળતી મહિતી મુજબ આ કૉલ સેન્ટર ત્રણેક માસથી શરુ કરવામાં આવ્યું છે અને ૧૯ પૈકી ચારેક ફ્રેશર યુવાનોની તો ગઈ રાત્રે જ ટ્રેનીંગ શરુ થઈ હતી તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

### જે 'મેજીક જેક'થી ચીટીંગ કરતા તે શું છે?

કૉલ સેન્ટર પરથી અમેરીકન સીટીઝનને ટ્રેપમાં લેવા માટે આ ભેજાબાજો ગુજરાતમાં બેઠા બેઠા ફોન કરે તો પણ અમેરીકાનો જ નંબર સામેની પાર્ટીને ડીસ્પ્લે થાય તે માટે એક સોફટવેરનો ઉપયોગ કરતા હતા. આ સોફટવેર 'મેજીક જેક' અને 'આઈ.બીમ' સોફટવેર છે. ગાંધીનગરથી અમેરીકન સીટીઝનને ફોન કરે તો પણ ત્યાં અમેરિકાનો લોકલ નંબર જ ડીસ્પ્લે થતો હતો જેનાથી કોલ કરનાર વ્યકિત અમેરીકન ઓફીસર હોય તેવું અમેરીકન સીટીઝન માની બેસતા હતા અને ટ્રેપમાં ફસાઈ જતા હતાં.

## હડકસા માતાજીના પદયાત્રી ભકતો માટે સેવા કેમ્પનું આયોજન

ગાંધીનગરના દત્ત પરિવાર દ્વારા તા. ૨૧મી એપ્રિલ શુક્રવારથી ત્રણ દિવસનો સેવા કેમ્પ યોજવામાં આવનાર છે. આ સેવા કેમ્પ કલોલ તાલુકાના નારદીપુર કોઠા ગામ ખાતે કુળદેવી હડકસા માતાજીના મંદિરે આવનાર પદયાત્રીઓ તથા ભાવિક ભકતો માટે યોજાશે. જે તા. ૨૩મી એપ્રિલ રવિવાર સુધી ચાલશે. આ સેવા કેમ્પમાં માતાજીના ભકતો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનું આયોજન શશીકાંત રમેશભાઈ દત્ત પરિવાર તરફથી કરવામાં આવ્યું છે.

## નારાયણી હાઈટસ ખાતે શનિવારે હાસ્ય કવિ સંમેલન

ગાંધીનગર, તા.૧૯

અગ્રવાલ સેવા સમિતિ દ્વારા સમાજ સંગઠનના હેતુથી તા. ૨૨મી એપ્રિલ શનિવારે સાંજે ૭.૩૦ કલાકે ભાટ મુકામે સ્થિત નારાયણી હાઈટસ ખાતે હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ હાસ્ય કવિ સંમેલનમાં સત્યનારાયણ સતન, વિનિત ચૌહાણ, ગૌરી મિશ્રા, ધર્મેન્દ્ર સોની, રાજીવ શર્મા, કુલદીપ રંગીલા, દિનેશ દેશતી તથા હરીશ જેવા હાસ્યરસના કવિઓ ઉપસ્થિત રહી તેમની રચનાઓ રજૂ કરશે.

નારાયણી હાઈટસ ખાતે યોજાયેલ એક પત્રકાર પરિષદમાં અગ્રવાલ સેવા સમિતિના અધ્યક્ષ રાજકુમાર ગુપ્તાએ સમાજના વિકાસની જવાબદારી ઉપાડવા યુવા વર્ગને અપીલ કરી હતી. તેમણે સેવા સમિતિના સદકાર્યો અંગે પ્રકાશ પાડતા મહિલાઓ તથા યુવાનો માટે સ્વરોજગાર તાલીમ તથા પ્લેસમેન્ટ સર્વિસ વગેરેની પણ શરુઆત કરાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે વટવામાં અગ્રસેન વિદ્યા મંદિરના ૫૦૦ જેટલા બાળકોને રાહત દરે શિક્ષણ માટે જરુરી વ્યવસ્થા કરી હોવાની માહિતી આપી હતી.

## વિશ્વ પૃથ્વી દિને નિસર્ગ સાયન્સ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

આગામી તા. ૨૨મી એપ્રિલે વિશ્વ પૃથ્વી દિવસ ઉજવાશે. અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલા વર્તમાન સમયમાં પર્યાવરણીય સમસ્યાઓ કુદરતના અણમોલ અને એકમાત્ર જીવંત ગ્રહ પૃથ્વીને પડકારરૂપ બની રહી છે. આ સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ પ્રસંગે ચિત્ર સ્પર્ધા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી 'એન્વાર્યમેન્ટલ એન્ડ કલાઈમેટ લિટરસી' થીમ આધારિત કરવામાં આવી રહી છે. પર્યાવરણીય અને આબોહવાની સમજ આધારિત ઉજવણીમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સંયુકત ઉપક્રમે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર સ્પર્ધા તા. ૨૨મી એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સ-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે. ચિત્ર સ્પર્ધા બે વિભાગમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગમાં ધોરણ-૫ થી ધોરણ-૭ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે જયારે બીજા વિભાગમાં ધો-૮ થી ધો-૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. ચિત્ર સ્પર્ધાનો વિષય 'પૃથ્વી પરના પર્યાવરણની જાળવણી' રાખવામાં આવ્યો છે.

ચિત્ર સ્પર્ધામાં વિજેતા થનાર પ્રથમ ત્રણ ક્રમાંકના સ્પર્ધકોને રોકડ પુરસ્કાર દ્વારા નવાજવામાં આવશે. બંને વિભાગના પ્રથમ ક્રમાંકના વિજેતાઓને રૂ. ૫૦૦, દ્વિતિય ક્રમના વિજેતાઓને રૂ. ૩૦૦ તથા તૃતીય ક્રમના વિજેતાઓને રૂ. ૨૦૦નો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રો આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાશે. સ્પર્ધામાં જરુરી મટીરીયલ્સ જેમ કે કલર, કંપાસ બોક્ષ તથા પેડ વગેરે વિદ્યાર્થીઓએ પોતે વ્યવસ્થા કરવાની છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચિત્ર દોરવા ડ્રોઈંગ શીટ આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સે-૨૩માં ઘ ટાઈપમાં બ્લોક નં. ૬૧/૧ ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટરનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## ભારતીય સ્ટેટ બેંક દ્વારા જુસીકાને આરોગ્ય સુરક્ષાના સાધનો વસાવવા રૂ. ૫ લાખની સહાય




ગાંધીનગર, તા.૧૯

ભારતીય સ્ટેટ બેંક, અમદાવાદ મંડળ દ્વારા સામાજિક સેવા બેંકીંગ અંતર્ગત અગ્રણી સમાજ સેવા કરતી સંસ્થાઓને બેંકના ઉચ્ચ અધિકારી રજનીશકુમારના અધ્યક્ષ સ્થાને એક કાર્યક્રમનું આયોજન અમદાવાદ સ્ટેટ બેંક, લાલ દરવાજા ખાતે તાજેતરમાં કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર ખાતે છેલ્લા ૧૭ વર્ષથી અવિરત સમાજ સેવા આપતી જુનિયર સિટીઝન કાઉન્સિલને તેની સેવામાં આરોગ્ય સુરક્ષાના સાધનો વસાવવા સારું રૂ. પાંચ લાખની સહાય આપવામાં આવેલ છે. કાર્યક્રમમાં સંસ્થાને આપવામા આવેલ રૂ. પાંચ લાખનો ચેક સંસ્થા વતી એડવોકેટ હિતેષ બી. રાવલ તથા દિનેશભાઈ દવેએ સ્વીકારેલ અને જુનિયર સીટીઝન કાઉન્સીલની પ્રવૃત્તિની જાણકારી આપી હતી.

જુનિયર સીટીઝન કાઉન્સિલે ભારતીય સ્ટેટ બેંકના અધિકારીઓનો આભાર વ્યકત કર્યો હતો અને ભવિષ્યમાં જુસીકા નવી ટેકનોલોજી વાળા આરોગ્ય સુરક્ષાના સાધનો વસાવી નગરજનોની સેવા કરવા કટીબદ્ધ રહેશે તેમ જણાવ્યું હતું.

# શહેરી બસ સેવા ઘનિષ્ઠ કયારે બનશે

**તંત્રના વાંકે મુસાફરી માટે લોકોને વલખાં : ખોટ કરતી ખખડધજ વિટકોસને બંધ કરવા સંચાલકની અનેક રજુઆતો છતાં પરિણામ શુન્ય**

ગાંધીનગર, તા.૧૯

શહેરીજનોને સીટી બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્ર નિષ્ફળ ગયું હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. નગરને સ્માર્ટસીટીનો દરજ્જો અપાવવા થનગની રહેલા તંત્રએ પાયાની આ જરૂરિયાત પ્રત્યે ગંભીરતા દાખવી ન હોવાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે. હાલમાં ચાલતી વિટકોસની બસો ખખડધજ થઈ ગઈ છે અને તે વાંરવાર માર્ગો ઉપર ખોટકાઈને મુશ્કેલીઓ ઉભી કરી રહી છે. જેના રીપેરીંગ પાછળ વધુ ખર્ચ થતો હોઈ સંચાલક દ્વારા ખોટ કરતી વિટકોસને બંધ કરવા તંત્રને અનેક રજુઆતો કરી છે જેના પરિણામ મળ્યા નથી અને સંચાલક દ્વારા નુકસાનીના આ ધંધાને ધીમે ધીમે સમેટવાનો પ્રારંભ કરી દીધો હોવાનું જાણવા મળ્યું છે. છતાં તંત્રને વિટકોસનો કોઈ જ પર્યાય જડતો નથી કે પછી શોધવો નથી તેવા સવાલો ઉભા થયા છે.

રાજયભરનો જયાંથી વહીવટ થાય છે તે પાટનગરને જ સીટી બસ સુવિધા ઉપલબ્ધ નથી. દીવા તળે અંધારૂ જેવી કહેવત મુજબ ગાંધીનગરના તંત્ર વાંકે નગરજનો શ્રેષ્ઠ સીટીબસ સેવાથી વંચિત રહ્યા છે. વિટકોસનો કરાર પુર્ણ થયે પણ લાંબો સમય વિતી ગયો છે તે પછી તંત્ર એ સીટીબસ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી જેમાં પણ કોઈ કારણ સર રીટેન્ડરીંગ કરવું પડયું હતું. જેનું પણ કંઈ જ પરિણામ હજુ સુધી મળ્યું નથી. સરકાર સાથે સીટીબસો ફાળવવા સંદર્ભે થયેલી વાટાઘાટો પછી પણ ઝડપી કાર્યવાહી થતી જ નથી. દરમિયાન ડચકાં ખાતી વિટકોસને તંત્રએ બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી ચાલુ રાખવા મનાવી હતી જે અંગે પણ સંચાલકની ધીરજ ખુટી પડી છે. અઢળક રીપેરીંગ માંગતી અને ખખડધજ થઈ ગયેલી વિટકોસ મેઈન્ટેનન્સ, પગાર અને અન્ય ખર્ચા થકી ખોટમાં ધકેલાઈ ગઈ છે અને સંચાલકે માર્ગો ઉપરથી ધીમે ધીમે વિટકોસ બસને પાછી ખેંચી લેવાનો પ્રારંભ કરી દીધો છે.

સ્માર્ટ સીટી માટેની જરૂરિયાત પૈકી જાહેર પરિવહન વ્યવસ્થા પણ એટલી જ મહત્વપુર્ણ હોવા છતાં મનપાના વહીવટ કર્તાઓ સીટીબસની ઉપલબ્ધતા પ્રત્યે ગંભીર નથી તે નગરજનો માટે કમનસીબ બાબત બની છે. ૧ થી ૩૦ સેકટર, ન્યુ ગાંધીનગર, વાવોલ, પેથાપુર, કોલવડા, રાંધેજા, ચિલોડા વગેરે સ્થળોએથી હાલમાં ખાનગી મુસાફરી અનિવાર્ય બની છે. ઝડપથી વિકસીત થઈ રહેલા ગાંધીનગરને રાજયના અન્ય શહેરોની હરોળમાં રહેવા સીટી બસ વ્યવસ્થા એ જરૂરિયાત બન્યું છે. સચિવાલયના કર્મચારીઓ, ધંધા-વ્યવસાયીઓ કે અન્ય નોકરીયાતોને હાલમાં ફરજિયાત પોતાનું વાહન કે પછી ખાનગી વાહનનો આશરો લેવો પડે છે જેથી મનપા સંચાલિત સીટી બસ ઝડપથી શહેરમાં ફરતી થાય તેવી પ્રબળ માંગ ઉભી થઈ છે.

### આઈ લવ માય ગાંધીનગર



**ફાલ્ગુન નંદા**
અભિનેતા

**ગાંધીનગર ગમે**

મને આ શહેરે ઓળખ આપી છે, આ શહેર મારી કર્મભૂમિ છે તેથી મને ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી અને સેવાભાવી નાગરિકો આ નગરમાં વસે છે એવો મને અનુભવ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા, સંસ્કૃતિ અને સેવાને લગતી પ્રવૃત્તિઓ ગમે છે. જી ઈ કલબ, પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, શિવરંજની, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

ગાંધીનગરે સરકારી નગરી તરીકેની પોતાની છાપ તો છોડી છે પરંતુ હજુ કલાનગરી બનવા માટે તેણે ઘણું કરવાનું બાકી છે. અહીંના કલાકારો અહીંથી જ તૈયાર થાય અને એમના નામનો ડંકો દુનિયામાં વાગે એવા વાતાવરણનું નિર્માણ આ નગરમાં થવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

કલાકારોને તૈયાર કરવાની વ્યવસ્થા અહીંથી ઊભી થતી હોય તો એ માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા હું તૈયાર છું.

### વાતવાતમાં

● ટાઉનહોલ ખાતે મહર્ષિ અત્રિ તપોવન સ્કૂલના વાર્ષિકોત્સવ દરમિયાન બપોરે ઓવરલોડના કારણે એસી બંધ થઈ જવા પામ્યું હતું. એસી ફરી ચાલુ થતાં ખાસ્સી વાર લાગતા ટાઉનહોલમાં ઉપસ્થિત બાળકો તથા વાલીઓ આકરી ગરમીમાં પરસેવે રેબઝેબ થઈ અકળાઈ જવા પામ્યા હતાં.

### સે-૧૯ જીમખાના ખાતે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ડિસ્ટ્રીકટ ચેસ એકેડેમી દ્વારા તા. ૩૦મી એપ્રિલના રોજ સે-૧૯ના જીમખાના ખાતે અન્ડર-૧૧ અને અન્ડર-૧૫ તથા ઓપન કેટેગરી માટે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે સેકટર-૪-એમાં પ્લોટ નં. ૧૫૧/૨ ખાતે અથવા મો.નં. ૯૬૩૭૧૫૨૦૬૯ પર હર્ષદ કાપડિયાનો સંપર્ક સાધવા જણાવાયુ છે.

### મધ્યસ્થ ગ્રંથાલયના જૂના સામયિકોનું રાહત દરે વેચાણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૧૭ ખાતેના રાજય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા તા. ૨૧મી એપ્રિલથી તા. ૨૨મી એપ્રિલ દરમિયાન દરરોજ સવારે ૧૧.૩૦ કલાકથી બપોરના ૩ કલાક સુધી ગ્રંથાલયના જુના સામાયિકોનું રાહતદરે વેચાણ કરવામાં આવશે. આ વેચાણનો ગ્રંથાલયના સભ્યો તથા જાહેર જનતાએ લાભ લેવા ગ્રંથપાલ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

### જુસિકા દ્વારા પક્ષી ઘરનું નિ:શુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં કાર્યરત જુસીકા તરફથી એક નવા અભિગમ રૂપે સંસ્થાના કાર્યાલય ઉપરથી પક્ષીઓ બચાવોના આંદોલનના ભાગરૂપે સંસ્થામાં અંતિમવિધિનો સામાન લેવા આવતાં મૃતકોના પરિવારજનોને અંતિમવિધિનો સામાન (કીટ) સાથે પક્ષીઓ બચાવોના સંદેશ રૂપી બે પક્ષીઘર નિ:શુલ્ક આપવામાં આવે છે. જેનો મૃતકોના પરિવારજનો દ્વારા સારો પ્રતિભાવ મળેલ છે. વધુમાં ગાંધીનગરની જનતાને પણ પક્ષી ઘર લઈ જવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### દેહદાન

ન્યુ ગાંધીનગર રાયસણ સ્થિત શ્રીરંગ હાઈટસ એ-૩૦૩માં વસવાટ કરતા કિષ્નકાંત એલ. જોષીનું ૮૩ વર્ષની વયે અવસાન થતા તેમના કુટુંબીજન દર્શનાબેન કિષ્નકાંતની સંમતિથી સવર્ગસ્થના દેહનું દાન જુસીકા દ્વારા લેવામાં આવેલ છે. આ દેહદાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે. આ સેવા કાર્યમાં મેડીકલ કોલેજના ડોકટર તેમજ જુસીકાના કાર્યકર સની વાઘેલા, ગણપતભાઈ મકવાણા હાજર રહ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. લીલાબેન ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૪૨
- સ્વ. જાગૃતિબેન અંબાલાલ સોલંકી, ઉ.વ. ૧૫
- સ્વ. જગતસિંહ શિવાજી બિહોલા, ઉ.વ. ૫૮
- સ્વ. સુધીરભાઈ ઠાકોરલાલ દેસાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. જીતેન્દ્રભાઈ ભરતભાઈ પાઠક, ઉ.વ. ૨૬